પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર.

ફોન નં.૦૭૯ – ૨૫૬૨૦૦૫૩

E-MAIL : Lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક.જ/૬૫૬/લાયસન્સ શાખા/૨૦૨૪ /૨૦૨૫ તા:૦૯/૦૫/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(b), કલમ ૩૩(૧)(U) મુજબ**

હાલમાં ભારત અને પાકિસ્તાન દેશ વચ્ચેના તણાવભર્યા સબંધોના કારણે પાકિસ્તાન દ્વારા ભારતના બોર્ડરના રાજ્યોમાં ડ્રોન દ્વારા હુમલાઓ કરી ભારતના નાગરીકો તથા સુરક્ષાકર્મીઓને નિશાન બનાવવાની પુરેપુરી શક્યતા છે. આવી પરિસ્થિતિમાં દેશની આંતરીક સુરક્ષાને ધ્યાને લેતા અમદાવાદ શહેરના નાગરીકોમાં લગ્ન પ્રસંગે, વિજય સરઘસ કે અન્ય કોઇ પણ પ્રકારના ધાર્મિક સામાજીક કે રાજકિય મેળાવડા દરમ્યાન ફટાકડા ફોડવાથી અફવાઓ તથા ડરનો માહોલ સર્જાય અને તંગદિલી સર્જાય તેવી પરિસ્થિતિ ઉપસ્થિતિ થાય તેવા તમામ પાસાઓને ધ્યાને લઇ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા:૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફિકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા:૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર:જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં, મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં નીચે જણાવેલ સમયે દેશની આંતરીક અને જાહેર જનતાની સુરક્ષાને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### ::પ્રતિબંધિત વિસ્તાર::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર

### ::અમલવારીનો સમય::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હુકમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા:૧૦/૦૫/૨૦૨૫ ના કલાક:૦૦/૦૦ થી તા:૧૫/૦૫/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

### ::શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે (BNS) કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ACE Scanner

:: જાહેર વિજ્ઞપ્તિ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી જોઇ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટ્સ તેમજ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી કરાવવી. ગુજરાત પોલીસ એક્ટ કલમ – ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

COMMISSIONER OF POLICE A'BAD CITY

તા૦૮/૦૫/૨૦૨૫
સ્થળ: અમદાવાદ

નકલ સવિનય રવાના :-

(૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુભાષબ્રિજ, અમદાવાદ
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૬) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૭) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૯) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સિવીલ અને મેટ્રોપોલિટનની કોર્ટ, અમદાવાદ શહેર
(૧૦) સિનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
(૧૧) માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:-

(૧) સંયુક્ત પો.કમિ.શ્રી, ટ્રાફિક/ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર
(૨) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧/સેક્ટર-૨/વિશેષ શાખા, અમદાવાદ શહેર
(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર
(૪) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, અમદાવાદ શહેર
(૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એ થી એન ડિવિઝન, અમદાવાદ શહેર.
(૬) જન સંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
(૭) તમામ પોલીસ ઈન્સપેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર
/- જાણ સારૂ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૮) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક(વહિવટ) શાખા, અમદાવાદ શહેર
/- ટ્રાફિક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

PDF Scanner ACE Scanner